મજૂર લેખમાળા નં. ૩.

સાળ ખાતાના કારીગરોની દલીલ

અને

પંચ સાહેબનો ચુકાદો.

મજૂર મિત્ર મંડળ, ખાડીઆ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બ્હેન અનસૂયા સારાભાઇ.

અમદાવાદ.

સંવત ૧૯૭૫. પ્રત ૫૦૦ સને

ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું–પાંચકુવા.
અમદાવાદ.

અમદાવાદની મીલના સાળખાતાનાં કારીગરોના પગારના સંબંધમાં પંચ સાહેબ આગળ મજૂર પક્ષ તરફથી રજૂ થએલી હકીકત તથા પંચ સાહેબનો ચુકાદો.

રા. આનંદશંકરભાઈ,

અમદાવાદની મીલોના સાળખાતાના કારીગરોને તેમના પગારમાં મળવો જોઇતો વધારો નક્કિ કરવા માટેની તપાસના સંબંધમાં હું આપની આગળ નીચેની હકીકત રજૂ કરવાની રજા લઉં છું.

સાળખાતાના કારીગરોના પગારમાં થવો જોઇતો વધારો નક્કિ કરવામાં નીચેની બે બાબત ઉપર ખાસ વિચાર ચલાવવાની જરૂર છેઃ—(૧) કારીગરો સાદાઇથી પણ સંતોષકારક રીતે પોતાનું જીવન ગાળી શકે તે માટે તેમને શું પગાર મળવો જોઇએ. એટલે તેમના પગારમાં શું વધારો થવો જોઇએ. (૨) એ વધારો મીલો આપી શકે કે નહિં; પૂરેપૂરો ન આપી શકે તો કેટલો આપી શકે.

૧. કારીગરોને કેટલો વધારો મળવો જોઇએ ?

આ સવાલના સંબંધમાં પહેલેથીજ જણાવી દેવું જોઇએ કે કારીગરોની રહેણીનું હાલનું ધોરણ (Standard of life) સંતોષકારક નથી; પરંતુ તેમાં સુધારો કરવાનો સ્હેજ પણ વિચાર કર્યા વગર માત્ર એ ધોરણ જળવાઇ રહે એમ ઇચ્છતા હોઇએ તો પણ મોંઘવારીને કારણે કારીગરોને તેમના જુલાઇના દર ઉપર ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલો વધારો મળવો જોઇએ; અને જો હાલની સ્થિતિ કાયમ રાખવાને બદલે તે સુધારવા ચાહતા હોઇએ—કારીગરો વધારે તંદુરસ્ત, સુઘડ, શિક્ષિત અને સુખી થાય

એમ ઇચ્છતા હોઇએ તો તો આ મોંઘવારીના વધારા ઉપરાંત બીજો ખાસ જાથુકનો વધારો તેમને અપાવવો જોઇએ, નહિં તો હવાવાળાં ઘરો, રાત્રી શાળાઓ, વાંચનાલયો, દવાખાના, ક્લબો વગેરે જરૂરની સગવડો માટે મીલો તરફથી બંદોબસ્ત થવો જોઇએ.

કારીગરોને મોંઘવારીને લીધે તેમના જુલાઈ મહીનાના દર ઉપર ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલા વધારાની જરૂર છે એમ નીચેની હકીકત ઉપરથી ખાત્રી થશેઃ—

કારીગરોને મળવાના વધારાની ગણત્રી તેમના ૧૯૧૭ ના જુલાઇ મહીનાના પગાર ઉપર થાય છે, અને એ મહીનામાં તેમને સરેરાસ રૂ. ૨૨ મળ્યા હતા એમ ભાઇ અંબાલાલ તરફથી જણાવવામાં આવ્યું હતું. હવે કારીગરોના એજ મહીનાના ખર્ચના અંદાજ તપાસતા જણાય છે કે એ રૂ. ૨૨ તે વખતમાં પણ તેમના ગુજરાન માટે પૂરતા નહોતા. એ અંદાજની વિગતો આપતાં પહેલાં એટલું જણાવવાની જરૂર છે કે કારીગરોના મોટા ભાગના કુટુંબો અવિભક્ત અને મોટાજ છે, અને તે છ સાત કે તેથી પણ વધારે માણસોનાં બનેલાં હોય છે. પરંતુ તેવા કુટુંબોના અંદાજ તપાસતાં પહેલાં કારીગરોની રહેણી ઠીક સમજાય તે માટે એક બાપ, મા, છોકરો, છોકરી, એમ ચાર માણસનાં કાલ્પનિક કુટુંબના કરકસરીયાં ખર્ચનો અંદાજ નીચે આપ્યો છેઃ—

સાળખાતાનો કારીગર બે સાંચા ચલાવનાર—મુસલમાન.

કુટુંબ—માણસ ૪. ૧ પુરૂષ, ૧ સ્ત્રી, ૧ છોકરો, એક છોકરી. કમાનાર પુરૂષ ૧.

માસિક ખરચ.

ચોખા	૧ મણ.	રૂ. ૨—૧૨—૦	રૂ. ૧૦—૩—૦
દાળ.	૦॥ મણ.	રૂ. ૧—૩—૦	
ઘઉં.	૨ મણ.	રૂ. ૪—૮—૦	
માંસ.	૪ શેર.	રૂ. ૦—૮—૦	
લાકડાં.	૪ મણ.	રૂ. ૧—૪—૦	

શાક રોજ નું ૦)–	રૂ. ૧–૧૪—૦	
તેલ—મશાલો.	રૂ. ૧—૦—૦	
ઘી, ગોળ, ખાંડ. (ટાંકણે).	રૂ. ૧—૦—૦	
ચા.	રૂ. ૨—૦—૦	
દુધ.	રૂ. ૦—૦—૦	
ધુપેલ.	રૂ. ૦—૩—૦	
સાબુ.	રૂ. ૦—૪—૦	
હજામત.	રૂ. ૦—૬—૦	
બીડીપાન.	રૂ. ૧—૮—૦	
ભાડું.	રૂ. ૧—૮—૦	
બત્તી. ૩ બાટલી.	રૂ. ૦—૬—૦	
	રૂ. ૨૦—૪—૦	માસિક ખરચ.

વાર્ષિક ખરચ.

પાટલુન	નં ૪	રૂ. ૪—૦—૦	
કોટ.	નં ૩	રૂ. ૩–૧૨—૦	
પ્હેરણુ	નં ૪	રૂ. ૩—૪—૦	
ખમીસ	નં ૨	રૂ. ૧–૧૪—૦	
ફેંટો	નં ૧	રૂ. ૧—૫—૦	
બુટ.	જોડ ૪	રૂ. ૧૨–૦—૦	૨ જોડ છોકરાની ૨ પુરૂષની.
છત્રી	નં ૧	રૂ. ૧—૨—૦	
ટોપી	નં ૧	રૂ. ૦—૨—૬	
સુરવાળ	નં ૪	રૂ. ૨—૦—૦	
પેરણુ	નં ૪	રૂ. ૩—૦—૦	
કોટ	નં ૪	રૂ. ૨—૪—૦	
ઓઢણાં	નં–૩	રૂ. ૨–૪–૦.	
પીસ્વાજ	નં–૧	રૂ. ૪–૮–૦.	
ઇજાર	નં–૪	રૂ. ૩–૦–૦.	

કુડતા નં-૪	રૂ. ૩-૦-૦.
જોડીઓ.	રૂ. ૦-૮-૦.
બંગડીઓ.	રૂ. ૨-૦-૦.
ઓઢણીઓ નં-૩	રૂ. ૧-૧૪-૦
	રૂ. ૫૧-૧૩-૦
માસિક.	રૂ. ૪-૫-૦

કુલ્લે માસિક ખરચ. રૂ. ૨૦-૪-૦ + રૂ. ૪-૫-૦=રૂ. ૨૪-૯-૦

આ અંદાજમાં કેટલીક બાબદો સંબંધી વિચાર કરવામાં આવ્યો નથી, પરંતુ તે પણ એટલીજ અગત્યની છે, અને તેથી તે ઉપર ધ્યાન ખેંચવાની જરૂર જોઉ છું.

(૧) **કારીગરોનો પગાર**—કારીગરની માસિક આવક ઉપર. રૂ. ૨૨ ની ગણી છે, પરંતુ તેટલું કારીગર હંમેશ રળી શકતો નથી. દિવસભર જે સખ્ત કામ તેને કરવું પડે છે, તે તે વરસના ૧૨ મહીના કરી શકતો નથી. અશક્તિ, બીમારી કે વખતે એકારીને લીધે દિવસો પડે છે, અને સરેરાસ તેનું કામ વરસના ૧૧ મહીના જેટલુંજ ઉતરે છે, એટલે તેની આવક વાસ્તવિક રીતે રૂ. ૨૦નીજ ગણાવી જોઇએ.

(૨) **વ્યાજ**—કારીગરોનો ઘણોખરો ભાગ દેવામાં ડુબેલો છે. તેમને સર્વેને ભારે વ્યાજ આપવું પડે છે. જુજ માણસોજ ૯ થી ૧૨ ટકે નાણું મેળવી શકે છે. અને મોટા ભાગને તો મહીનાના રૂપીયે એક આનાથી ચાર આના એટલે ૭૫ થી ૩૦૦ ટકા જેટલું વ્યાજ ભરવું પડે છે. આ વ્યાજની રકમ ઉપરના અંદાજમાં ગણી નથી.

તંગીમાં આવી પડેલા કારીગરો કાંધીયા કે પઠાણના પંજામાં સપડાતાં તેમની સ્થિતિ કેટલી દયાજનક થાય છે તેનો યથાર્થ ખ્યાલ આપી શકાય એમ નથી. પરંતુ તે સંબંધમાં એક જાણવાજોગ દાખલો અત્રે આપું છું. પ્રેમ દરવાજા બહાર આવેલી જુગલદાસની ચાલીમાં ઝગડુ શેખુ નામનો એક જઇફ મુસલમાન કારીગર છે, તેની સ્ત્રી ફાતમા પાસે સીવ-

વાનો સાંચો હતો. અને તે ઉપર કામ કરી પોતાના ધણીની આવકમાં તે કાંઇક વધારો કરતી. પરંતુ તંગીને લીધે તેને તે સાંચો ગીરો મૂકી પૈસા લેવા પડયા. એ સાંચાની કીંમત રૂ. ૮૦ ની હતી. પરંતુ તે ઉપર મગન દલસુખ નામના વાણીયાએ રૂ. ૭ ધીર્યાં અને રૂપીયે બે આના જેટલું વ્યાજ ઠરાવ્યું. પરંતુ એ બાઇ રૂપીયા કે વ્યાજ આપી શકી નથી અને હજુ વરસ પૂરૂં થયું નથી તેટલામાં એનું દેવું મગનભાઇએ ગણીને રૂ. ૨૬ નું ઠરાવ્યુ છે. ટુંકમાં એ સાંચો હવે એ બાઇને પાછો મળવાનો નથી. આવા બીજા અનેક દાખલાઓ આપી શકાય અને તે સવે એજ બતાવે છે કે તંગીને લીધે કરજમાં ઉતરેલા કારીગરોની સ્થિતિ અત્યંત દયાજનક છે, અને તેમને એ સ્થિતિમાંથી બહાર કાઢવાને પદ્ધતિસર પ્રયત્નો થવા જોઇએ. એ સંબંધમાં આપને એટલી વિનંતી છે કે આ બાબત તરફ મિલ માલીકોનું ધ્યાન ખેંચી તેમને યોગ્ય પગલાં લેવાં પ્રેરશો.

(૩) દવા—કારીગરોને ઘરમાં સુવાવડ કે માંદગીના વખતમાં દવા વગેરેમાં ખરચ થાય છે. કોઇ વખતે મીલમાં કામ કરતાં અકસ્માત થાય તો તેનો ખરચ પણ ઘણી વખતે તેમનેજ માથે પડે છે. એ ખરચની રકમ પણ ઉપરના અંદાજમાં ગણી નથી.

(૪) લગ્ન મરણ—કારીગરોને પોતાને ઘેર લગ્ન વિવાહ કે મરણ હોય, ત્યારે જે ખરચ થાય છે તે માટે તો તેને સાધારણ રીતે કરજ જ કરવું પડે છે. પરંતુ તે ઉપરાંત વાર તહેવારને દિવસે ધર્માદા તથા જમણ માટે, અને સગાંવહાલાં કે નાત જાતમાં લગ્ન વગેરે પ્રસંગે રીત માટે જે ખરચ થાય તે ઉપરના અંદાજમાં આવી શકે. પરંતુ તે ગણત્રીમાં લેવાયો નથી.

(૫) વીમો—આ ખરચ ઉપરાંત દરેક કારીગરે પોતાના તથા પોતાના કુટુંબના હિતને માટે અકસ્માત તથા જીંદગીને માટે વીમો ઉતરાવવાજ જોઇએ, અને એ વીમા માટે પ્રીમીયમ ભરી શકે એટલી તેને સગવડ રહેવી જોઇએ.

(૬) કેળવણી—કારીગરોએ પોતાનાં છોકરા છોકરીઓને કેળવણી

આપવી જોઇએ. કેટલાક કારીગરો પોતાના છોકરાંને નિશાળે મોકલે છે પરંતુ તેની સંખ્યા બહુ નાની છે. એટલે તેનો ખરચ ઉપરના અંદાજમાં ગણ્યો નથી.

હવે આ વધારાની બાબદનો વિચાર નહિં કરીએ તો પણ ઉપરના અંદાજ પ્રમાણે નાના કુટુંબનો જુલાઇ મહીનાનો ખરચ રૂ. ૨૪ જેટલો ગણાય જ્યારે તેની આવક તો માત્ર રૂ. ૨૨ જેટલીજ જણાવવામાં આવી છે. એટલે મોંઘવારી પહેલાં પણ તેનો નિભાવ મુશ્કેલીથીજ થતો હોવો જોઇએ.

પરંતુ આવાં નાનાં કુટુંબો તો કારીગર વર્ગમાં પ્રમાણમાં થોડાંજ છે અને ઉપર જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે સાધારણ રીતે તે છ થી સાત માણુસનાં બનેલાં હોય છે, એટલે એવાં કુટુંબનો શું ખરચ થાય તે જોવાની જરૂર છે.

સાળખાતાંનો કારીગર—એ સાંચા ચલાવનાર—જાત—મુસલમાન.

કુટુંબ માણુસ ૬. ૧ પૂરૂષ—કમાનાર. ૨ બાઓ. (તેમાં ૧ ડોસી.) ૩ છોકરાં.

માસિક ખરચ.

ચોખા ૧ાા મણ.	રૂ. ૪—૦—૦	રૂ. ૧૪—૧૪—૦.
દાળ. ૦ાા મણ.	રૂ. ૧—૧૨—૦	
ઘઉં. ૩ મણ.	રૂ. ૬—૧૨—૦	
માંસ. ૪ શેર.	રૂ. ૦—૮—૦	
લાકડાં. ૬ શેર.	રૂ. ૧—૧૪—૦	
શાક રોજ ૦) ના	રૂ. ૨—૧૨—૦	
મશાલો.	રૂ. ૧—૪—૦	
ઘી. ગોળ. ખાંડ.	રૂ. ૧—૮—૦	ટાંકણે.
ચા.	રૂ. ૨—૦—૦	
દુધ.	રૂ. ૦—૦—૦	
કુપેલ.	રૂ. ૦—૬—૦	
સાબુ.	રૂ. ૦—૪—૦	

હજામત.	રૂ. ૦—૮—૦
બીડી—પાન.	રૂ. ૨—૦—૦
ભાડું.	રૂ. ૨—૦—૦
બત્તિ.	રૂ. ૦—૬—૦
માસિક.	રૂ. ૨૭—૧૪—૦
કપડાં લત્તા મળીને.	રૂ. ૬—૦—૦
કુલ્લે ખર્ચ.	રૂ. ૩૩—૧૪—૦.

આ અંદાજ ઉપરથી કારીગરોની વીટંબણાનો કાંઇક ખ્યાલ આવશે. પ્લેગ બોનસ (લગભગ ૫૦—૭૦ ટકા જેટલું એટલે કારીગરની આવક રૂ. ૨૨ ને બદલે રૂ. ૩૩ થી ૩૭ જેટલી થઇ હતી) પહેલાં કારીગરને ૧૨ કલાકની મજૂરીથી પણ પોતાના કુટુંબના ગુજરાન માટે પૂરતું મળતું નહિ અને પરિણામે તેને દેવું કરી દાણાવાળા તથા શાહુકારના આશ્રિત થઇ રહેવું પડતું.

હવે હાલની સ્થિતિ સમજવા એ જુલાઇ મહીનાના ધોરણેજ કારીગરનો અત્યારનો ખરચ શું છે તે તપાસીએ અને તે માટેના અંદાજ પહેલાં તેમની જરૂરીયાતોની વસ્તુના ભાવમાં શું ફેરફાર થયા છે તે જોવાની જરૂર છે.

અનાજ વગેરે તથા કપડાં લત્તાના ભાવો.

અનાજ.	જુલાઇ.	એપ્રીલ ૨૦	મોંઘવારી ટકા.
ઘઉં.	રૂ. ૧. શેર ૧૮	શેર ૧૦	૮૦
બાજરી.	રૂ. ૧. શેર ૨૦	શેર ૧૦	૧૦૦
ચોખા.	રૂ. ૧. શેર ૧૫	શેર ૧૦	૫૦
દાળ.	રૂ. ૧. શેર ૧૭	શેર ૧૫	૧૩
માંસ.	રૂ. ૦)= શેર.	રૂ. ૦)≠ શેર	૫૦
લાકડાં.	રૂ. ૦।- મણ. ૧.	રૂ. ૦।। મણ ૧	૬૦
તેલ.	રૂ. ૦)॥। શેર ૧.	રૂ. ૦। શેર ૧.	૧૪

ઘી.	રૂ. ૧ શેર ૧I. નવટાંક	શેર ૧I.	૧૦
ગોળ.	૦)≡ શેર ૧.	૦)≡ શેર ૧.	—
ખાંડ.	૦)≡ શેર ૧.	૦)≡ શેર ૧.	—
દુધ.	૦)– શેર ૧.	૦)–II શેર ૧.	૧૨
મીઠું.	૦) ૦II શેર ૧.	૦)– શેર ૧.	૧૦૦
દીવેલ.	૦)≡ શેર ૧.	૦I શેર ૧	૨૩
કેરોસીન.	૦)–II બાટલી.	૦I બાટલી ૧.	૧૦૦

કાપડ.

કાપડ.	જુલાઇ.	એપ્રીલ–૨૦.	મોંઘવારીટકા.
શેનો (પાટલુન માટે).	રૂ. ૦I– વાર ૧.	રૂ. ૦II વાર.	૬૦
મલ. (પહેરણુ માટે)	રૂ. ૦I– વાર ૧.	રૂ. ૦I≡ વાર.	૪૦
ચેક (ખમીસ માટે)	રૂ. ૦I વાર ૧.	રૂ. ૦I≡ વાર.	૫૦
ગંજીફરાક.	રૂ. ૦I– ન. ૧.	રૂ. ૦I≡ નં ૧.	૨૦
ટોપી.	રૂ. ૦)≡II ન. ૧.	રૂ. ૦I– ન. ૧.	૧૦૦
ફેંટો.	રૂ. ૧I– ન. ૧.	રૂ. ૧II ન. ૧.	૪૦
છત્રી.	રૂ. ૧)≡ ન. ૧.	રૂ. ૧II ન. ૧.	૩૩
સાલ્લા.	રૂ. ૧. ન. ૧.	રૂ. ૧II ન. ૧.	૫૦
ઓઢણાં	રૂ. ૦III ન. ૧.	રૂ. ૧I ન. ૧.	૬૬
છીંટ (ઘાઘરા)	રૂ. ૦I≡ વાર ૧.	રૂ. ૦II–	૩૩
નેનસુખ (પીસ્વોજ)	રૂ. ૩II તાકો.	રૂ. ૫ તાકો.	૪૨
છીંટ (ઇજાર)	રૂ. ૦I≡ વાર.	રૂ. ૦II≡ વાર.	૬૭
જાફર (ચોળી)	રૂ. ૦I ૦II વાર.	રૂ. ૦I≡ વાર.	૩૩
ઓઢણી	રૂ. ૦II≡	રૂ. ૧.	૬૦
છીંટ (ઘાઘરી).	રૂ. ૦III વાર.	રૂ. ૧.	૩૩

એ ભાવો પ્રમાણે ઉપરને ધોરણે ચાર તથા ૭ માણસનાં કુટુંબનો ખરચ નીચે મુજબ થાય.

ચાર માણસનું કુટુંબ.

માસિક ખરચ.	રૂ.આ.પા.	
ચોખા મણ ૧	૪—૦—૦	રૂ. ૧૬-૧૦-૦
દાળ મણ ૦॥	૧—૫—૦	
ઘઉં મણ ૨	૮—૦—૦	
માસ શેર ૪	૦-૧૨-૦	
લાકડાં મણ ૪	૨—૦—૦	
શાક રોજ ૦)‸નું	૧-૧૪-૦	
તેલ મશાલો	૧—૦—૦	
ઘી,ગોળ ખાંડ ટાંકણે	૧—૦—૦	
ચા	૨—૦—૦	
દુધ	૦—૦—૦	
ધુપેલ	૦—૩—૦	
સાબુ	૦—૪—૦	
હજામત	૦—૬—૦	
બીડી પાન	૧—૮—૦	
ભાડુ	૨—૦—૦	
પરચુરણ	૦-૧૨-૦	
	રૂ ૨૭—૦—૦	

વાર્ષિક ખરચ		રૂ.આ.પા.
પાટલુન	નં. ૪	૫—૮—૦
કોટ	નં. ૩	૫—૪—૦
પેરણ	નં. ૪	૪—૪—૦
ખમીસ	નં. ૨	૨—૮—૦
ફેંટો	નં. ૧	૧—૧૨—૦
બુટ	જો. ૪	૧૨—૦—૦
છત્રી	નં. ૧	૧—૮—૦
ટોપી	નં. ૧	૦—૫—૦
સુરવાળ	નં. ૪	૩—૦—૦
પેરણ	નં. ૪	૩—૧૨—૦
કોટ	નં. ૨	૩—૦—૦
ઓઢણા	નં. ૩	૩—૧૨—૦
પીસ્વાજ	નં. ૧	૬—૦—૦
ઇજાર	નં. ૪	૫—૦—૦
કુડતા	નં. ૪	૬—૦—૦
જોડી		૦—૮—૧
બંગડીઓ		૨—૦—૦
ઓઢણાંઓ	નં.૩	૩—૦—૦
		રૂ ૬૯—૧—૦
માસિક.		૫—૧૨—૧

કુલ્લે માસક ખરચ ૩૨—૧૨—૧

૬ માણસના કુટુંબનું ખરચ.

ચોખા ૧॥ મણ	૬—૦—૦	રૂ૨૩—૧૨—૦
દાળ ૦॥ મણ	૨—૦—૦	
ઘઉં ૩ મણ	૧૨-૦-૦	
માંસ ૪ શેર	૦-૧૨-૦	
લાકડાં ૬ મણ	૩—૦—૦	

શાક ૦)ના રોજ	૨—૧૨—૦
તેલ મશાલો	૧—૪—૦
ઘી, ગોળ, ખાંડ	૧—૮—૦
ચા	૨—૦—૦
ધુપેલ	૦—૬—૦

સાબુ	૦—૪—૦	હજામત	૦—૮—૦
બીડી પાન	૨—૦—૦	ભાડું	૨—૦—૦
બત્તી	૦-૧૨—૦		

રૂ. ૩૭—૨—૦

કપડાં લત્તાં રૂ. ૭—૦—૦

કુલ્લે માસિક ખર્ચ રૂ. ૪૪—૨—૦

એટલે ચાર માણસનો હાલ ખરચ રૂ. ૩૨ થાય અને છ નો રૂ. ૪૪ થાય અને તેટલી આવક જો તેમને અપાવવી હોય તો તેમને જુલાઇના દર ઉપર ઓછામાં ઓછા ૫૦ અને વધારેમાં વધારે ૧૦૦ ટકા મળવા જોઇએ.

૨. મીલો કેટલા ટકા આપી શકે ?

ઉપરની હકીકત ઉપરથી જણાશે કે કારીગરોને તેમના ગુજરાનને માટે હાલના મોંઘવારીના સમયમાં જુલાઇ મહીનાના પગાર ઉપર ૫૦ ટકા જેટલો વધારો મળવો જોઇએ. એટલે જો જુલાઈ મહીનાની તેમની આવક રૂ. ૨૨ ની ગણીએ તો હાલમાં તેમને ઓછામાં ઓછા રૂ. ૩૩ મળવા જોઇએ. પરંતુ આટલો વધારો મીલો આપી શકે કે નહિ એ પણ વિચારવાની જરૂર છે. કારણ કે જે ઉદ્યોગમાંથી કારીગરોને તેમની રોજી મળે છે એ ઉદ્યોગમાં કાંઇ પણ કસ ન રહે એટલી મજુરી તો કારીગરો નજ માગી શકે. પરંતુ હાલના સમયમાં આ ૫૦ ટકાની માંગણી કોઇ પણ રીતે વધારે પડતી નથી એ નીચેની હકીકત ઉપરથી સમજાશે.

જુલાઈ મહીનામાં સુતરનો ભાવ રતલે ૧૨ આના હતો અને તે સાથે "વણાટ" નો ખરચ રતલે ૬ આના જેટલો હતો એટલે રતલ સુતરનું કાપડ રૂ. ૧—૨ તૈયાર થતું એ કાપડની બજાર કીંમત રતલે રૂ. ૧—૫ હતી. એટલે મીલોને રતલે ૩ આના નફો રહેતો, અને સાળ દીઠ

સુતર ૧૦ રતલ હોઇ ર સાળ ઉપર તેમને રૂ ૩—૧૨ જેટલો નફો મળતો. તે અરસામાં પ્લેગને લઇને કારીગરોને ૫૦—૭૦ ટકા જેટલો વધારો મળ્યો. એ વધારો રૂ. ૨૨ ઉપર ગણીએ તો રોજના ૬ આના જેટલો આવે છે, અને બે સાલ ઉપર નફો રૂ. ૩—૧૨ જેટલો મળતો એટલે એ ૬ આના આપતાં પણ રૂ. ૩—૬ એટલો સારો નફો રહેતો.

મીલોને માટે આ સ્થિતિ આજે કાયમ છે એટલુંજ નહિ પણ તે ઘણી સુધરી છે. આજે સૂતરના ભાવ રતલે રૂ. ૧—૪ છે અને વણાટનું ખરચ ૮ આના જેટલું આવે છે એટલે રતલ સૂતરનું કાપડ રૂ. ૧—૧૨ પડે છે. એ કાપડના બજાર ભાવ આજે રૂ. ૨—૪ છે એટલે રતલે મીલોને ૮ આના જેટલો નફો રહે છે, અને એક સાલનું રોજનું production (ઉત્પન્ન) ૧૦ રતલનું ગણીએ તો ર સાલ ઉપર રૂ. ૧૦ જેટલો નફો થાય છે. હવે જો પ્લેગના વખતમાં રૂ. ૩—૧૨ નફામાંથી કાગરીરોને ૬ આનાનો વધારો આપવો પોષાયો તો હાલ રૂ ૧૦ માંથી ૬ આના આપવા ભારી પડે એમ કહી શકાય નહિં.

મીલોની હાલની સ્થિતિ બહુજ સારી છે તેનો એક પૂરાવો તો કેટલાંક મીલ એજન્ટોએ પોતાના કમીશનના ધોરણમાં ફેરફાર કર્યો છે તેમાંથી મળી આવે છે. જુની રીત પ્રમાણે એજન્ટોને દર રતલે રૂ ૦—૦—૩ કમીશન મળતું તેને બદલે હવે તેમણે ૩॥ ટકા કમીશન લેવા માંડયું છે, અને ગણત્રી કરતાં તે પહેલાંના કરતાં ચાર ગણું આવે છે. કારણ કે એક સાલનું રોજનું production (ઉત્પન્ન) ૧૬ રતલ ગણીએ તો પહેલાંના દર પ્રમાણે એજન્ટોને ૧૬ પૈસા એટલે ૪ આના મળે. પરંતુ ૩॥ ટકા પ્રમાણે ગણતાં ૧૬ રતલની રૂ. ૧—૧૨ લેખે રૂ ૨૮ થાય, અને તે ઉપર કમાશન લગભગ રૂ. ૧ જેટલું થાય. જો મીલોને હાલ અસાધારણ નફો નહિં હોત તો એજંટો આટલું કમીશન માંગી શકતજ નહિ અને શેરહોલ્ડરો આપવાની હા પાડત પણ નહિ.

ઉપરની હકીકત ઉપરથી ખાત્રી થશે કે કારીગરોને મોંઘવારીને લીધે

ઓછામાં ઓછા ૫૦ ટકા વધારાની જરૂર છે, અને મીલો બે સાળ દીઠ હાલ રોજ રૂ. ૧૦ રળે છે તે જોતાં મીલોને આ વધારો આપવો ભારે પડે એમ નથી. તો પછી એમ પ્રશ્ન થશે કે ગાંધી સાહેબે માત્ર ૩૫ ટકાજ કેમ વ્યાજબી ગણ્યા. એનો જવાબ માત્ર એટલોજ છે કે પહેલાં પંચના- માની એક સરત એવી હતી કે અમદાવાદના સાળખાતાના કારીગરોને મુંબઈની મીલોના કારીગરો કરતાં વધારે મળવું જોઇએ નહિ, અને મુંબ- ઇની મીલો સંબંધી તપાસ કરતાં ચાર જુદી જુદી મીલો તરફથી તેમના કારીગરોને મળતા માસિક પગાર તરીકે નીચલા આંકડા મળ્યા હતા. (૧) રૂ. ૩૨–૩ થી રૂ. ૩૪–૮ (૨) રૂ. ૩૦ ચાર દિવસ હડતાલ હતી. (૩) રૂ. ૩૦ થી રૂ. ૪૪ (૪) રૂ. ૪૨. આમાંથી ઓછામાં ઓછો આંકડો ૩૦ નો લેતાં પણ ૪૦ ટકા વ્યાજબી ગણી શકાત. પરંતુ મીલો ઉપર વધારે બોજો ન પડી જાય એ વિચારથી ૩૫ ટકાજ નક્કિ કરવામાં આવ્યા અને તેમાંથી એક ટકો પણ ન્યાયની દૃષ્ટિએ ઓછો થઇ શકે નહિં એમ હું ખાત્રીથી કહી શકું છું.

મજુરોના પગારના વધારા માટેની તપાસના સંબંધમાં તો અત્યારે આટલીજ હકીકત રજુ કરી શકું છું. પરંતુ તે ગાંધી સાહેબને પણ મો- કલી છે, અને એમને જરૂર જણાશે તો તેઓ આમાં ઉમેરો કરશે.

લી૦ શંકરલાલ ઘેલાભાઇ બેંકરના

સવિનય વંદેમાતરમ.

...ના મિલ એજન્ટો ‘ગ્રૂપ’ ... જુટ ખાતાના કારીગરો વચ્ચે પડેલી તકરારમાં પંચનો નિર્ણય.

ગયા શિયાળામાં અમદાવાદના મિલ માલિકો (‘ગ્રૂપ’) અને ક્રાપડ ...ર કારીગરો વચ્ચે કારીગરોના પગારના દર સંબન્ધમાં વાંધો પડેલો, તેને પરિણામે હડતાળ અને ‘લૉક આઉટ’—બહાર તાળા—ની ખેદકારક તે ઉત્પન્ન થઇ હતી તેનો—તા૦ ૨૦ માર્ચ ૧૯૧૮ને દિને બન્ને પક્ષ તરફથી મને પંચનું કામ સોંપાઇને અન્ત આવ્યો. તે પછી પંચના કામની શરૂઆત થઇ. બન્ને પક્ષને પોતાની હકીકત લખી રજુ કરવાની મેં માગણી કરી. તે પ્રમાણે, કારીગર પક્ષનો રા. શંકરલાલ બેંકર તરફથી મને એક વિગતવાર લેખ પૂરો પાડવામાં આવ્યો. વારંવાર માગણી કર્યા છતાં પણ મારા જાણવામાં આવ્યું છે તે પ્રમાણે અનિવાર્ય અડચણોને લીધે મિલ માલિકોના ‘ગ્રૂપ’ તરફની હકીકત ત્રણ માસનીઅંદર મને મળી નહિ. એક પક્ષની હકીકતથી સંતોષ પામીને ચૂકાદો કરવો એ મને વાજબી લાગ્યું નહિ, અને તેથી પંચનો અધિકાર સમાપ્ત કરી—બન્ને પક્ષ માંહોમાંહે મળીને સમજૂત કરવી અને તેમાં બન્ને પક્ષના મિત્ર તરીકે મારી મદદની જરૂર હોય તો તે આપવા હું રાજી છું, એમ મેં જણાવ્યું. પણ બન્ને પક્ષ તરફથી એમ જણાવવામાં આવ્યું કે એ બની શકે તેમ નથી, અને પંચના કામની મુદત વધારવા તેઓ એક મત થએલા છે. તેથી મેં પંચનું કામ જારી રાખ્યું, તા. ૨૮ મી જૂને મિલ માલિકો (‘ગ્રૂપ’) તરફની હકીકત મને મળી તેમાંથી કેટલાક અગત્યના પ્રશ્ન ઉપસ્થિત થયા, તેનો ખુલાસો મેં બન્ને પક્ષ પાસે માગ્યો હતો. તા. ૩ જૂલાઈ ૧૮ સુધીમાં કારીગર પક્ષ તરફથી એ સંબન્ધમાં કાંઈ લખાઇ આવ્યું નથી. મ્હોટે ભાગે જે ખુલાસા તથા હકીકતની મારે જરૂર હતી તે મિલ માલિકોએ પૂરી પાડવાની હતી. અ...

...થી એનું ... બાનગી' સૂચના સાથ થોડીક ...ી,
. છે, પણ તે ... । મેં પૂછેલા સર્વે પ્રશ્નનો ઉત્તર થત...
...નો થાય છે તેટલાનો પણ અપૂર્ણ રૂપમાં થાય છે, અને
...ફત ઘણી મિલોમાંથી મેળવીને પૂરી પાડવામાં આવે તોજ તે
...ગ માત્ર બની શકે. પરન્તુ તે હકીકત અત્યારે ભેગી કરવી શક્ય ન
...ઓ તરફથી જણાવવામાં આવે છે. આ સ્થિતીમાં હું બન્ને પક્ષ
તકરારમાં વાસ્તવિક ન્યાય શો છે એના નિર્ણય ઉપર આવી શકતે
પણ મિલ માલિકો અત્યારે હવે વિશેષ હકીકત આપી શકે એમ
અને ગરીબ કારીગરોને પંચનો નિર્ણય સત્વર મલવો જોઇએ એ
તેથી મારે વ્યવહારૂ ન્યાય યાને ચૂકાદા ઉપર આવવું પડે છે.
ઠરાવની વાટ ન જોતાં કુદરતના બળે મિલ માલિકો અને કારીગરો ...
પ્રકૃત પ્રશ્નના સંબન્ધમાં જે વાસ્તવિક સ્થિતિ ઉત્પન્ન કરી દીધી છે, તેમાં-
થી મને એ વ્યવહારૂ ન્યાય કરવાનું ધોરણ મળી આવે છે. પક્ષકારો તર-
ફથી મળેલી હકીકત મારા જાણવામાં આવે છે કે અત્યારે ઘણીખરી મિ-
લોમાં ૩૫ (પાંત્રીસ) ટકાનો વધારો અપાઇ ચૂકયો છે અને કેટલીકમાં એ
વધારો ૫૦ (પચાસ) ટકા સુધી પણ પહોંચ્યો છે—તો તકરારને લગત
બાકીના વખતને માટે ૩૫ (પાંત્રીસ) ટકા વધારો અપાવવો ઘટારત છે
તેથી હું પંચ તરીકે મને મળેલા અધિકારથી જાહેર કરૂં છું કે મિલ મા
લિકોએ કારીગરોને:તકરારને લગતા બાકીના વખતના પગારમાં ૩૫ (પાંત્રીસ)
ટકા વધારો આપવો—એટલે કે ૨૭॥ ટકા આપતાં બાકી રહેલી રકમ તે
ઓએ કારીગરોને આપવી.

છેવટે, બન્ને પક્ષે પરસ્પર સહનશીલતા અને શાન્તિથી કામ કર્યું છે,
અને પંચના નિર્ણયમાં વિલંબ થયો તે દરમિયાન બન્ને પક્ષે માંહોમાંહે
સમજીને મિલનું કામ ચાલતું રાખ્યું એ સન્તોષની વાત—હું, અત્રે નોંધુ છું.
આશા રાખું છું કે ભવિષ્યમાં ઉભય પક્ષ વચ્ચે સંપથી કામ ચાલ્યા કરશે.

તા. ૧૦ ઑગસ્ટ ૧૯૧૮. આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ.